# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-03-2025 Day: Wenesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સુનિતા વિલિયમ્સ : મુખ્યમંત્રી અભિનંદન

નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર માટે નવ મહિના અવકાશમાં વિતાવ્યા પછી પૃથ્વીના ગુરુત્વાકર્ષણને અનુકૂલિત થવામાં મદદ કરવા માટે 45 દિવસનું પુનર્વસન શરૂ થયું છે. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર તેમના લાંબા રોકાણ પછી, અવકાશયાત્રીઓ હવે લાંબા સમય સુધી વજનહીનતાની અસરોનો સામનો કરવા માટે ત્રણ તબક્કાના શારીરિક પુનર્વસનમાંથી પસાર થશે.

ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ સહિતના ચાર અવકાશયાત્રી પૃથ્વી પર સુરક્ષિત પરત ફર્યા છે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુનિતા વિલિયમ્સને અભિનંદન આપી આનંદની લાગણી વ્યકત કરી હતી. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, સુનિતા વિલિયમ્સે નારી શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્યારે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા એ કહ્યું ભારતની દીકરીએ સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે.

---------------------------------------------------------------------------------

## કેન્દ્રીય વહાણવટા મંત્રી

કેન્દ્રીય વહાણવટા મંત્રી સર્બાનંદ સોનોવાલે એક મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ માટે ઉત્પાદિત ઇલેક્ટ્રોલાઇઝર્સને કંડલા લાવવા વર્ચ્યુઅલી પ્રસ્થાન કરાવ્યું.

આ પ્લાન્ટનો પ્રાથમિક ઉદ્દેશ ઇજનેરો અને ટેકનિશિયનોને ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન, સંગ્રહ અને હેન્ડલિંગ ઇકોસિસ્ટમમાં અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ પ્લાન્ટ જુલાઈ 2025 સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત કરવાનું લક્ષ્ય છે. જેની અંદાજિત ઉત્પાદન ક્ષમતા પ્રતિ

કલાક **18** કિલો ગ્રીન હાઇડ્રોજન છે. આ સાથે **DPA** કંડલા બંદરના પરિસરમાં જ સ્વદેશી ઇલેક્ટ્રોલાઇઝરનો ઉપયોગ કરીને ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરનાર દેશનું પ્રથમ બંદર બનશે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ જિલ્લા પંચાયત : સામાન્ય સભા

કચ્છ જિલ્લા પંચાયતની આજરોજ મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં વર્ષાંતે રૂ.૬૬૨ કરોડથી વધુની પુરાંત દર્શાવવામાં આવી હતી. ગત નાણાકીય વર્ષના સુધારેલા બજેટ મુજબ ૬૪૮.૯૮ કરોડની પુરાંત અને ૧ હજાર ૫૭૦. ૪૧ કરોડથી વધુની આવક સાથે કુલ ૨ હજાર ૨૧૯.૩૯ કરોડના કદનું બજેટ પસાર કરાયું હતું. જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજાએ જણાવ્યું કે, જિલ્લાનો વિકાસ અવિરત રહે અને કચ્છવાસીઓની સુખાકારીમાં વધારો થાય તો દિશામાં જોગવાઈ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## પોલીસવડા : અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી

રાજ્યના પોલીસવડાએ અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવા તમામ પોલીસ મથકોને **100** કલાકમાં યાદી તૈયાર કરી કાયદાકીય કાર્યવાહી કરવા સુચના આપી હતી. આ સૂચના અનુસાર પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા ભુજમાં **42** જેટલા આરોપીઓના ઘરની ઝડતી લેવામાં આવી હતી. **28** જેટલા શંકાસ્પદ ઇસમોના ડોક્યુમેન્ટની ચકાસણી કરવામાં આવી હતી.જયારે **58** એનસી કેસ કરી **7** વાહનો ડીટેઈન કરી દંડ ફટકારવામાં આવ્યો હતો.

પુર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સુચનાથી **7** પોલીસ સ્ટેશનના **16** આરોપીઓએ લીધેલા ગેરકાયદેસર ઘરના વિજ ક્નેક્શન કાપી નખાયા હતા તેમજ તમામ પર કુલ **10** લાખ **30** લાખનો દંડ પણ ફટકારાયો હતો.

---------------------------------------------------------------------------------------

## સામખિયાળી : અકસ્માત

સામખિયાળી જંક્શન પર આજે સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ચાર રસ્તા પર એક ટ્રક અચાનક ઊભો રહી જતાં પાછળથી આવતું ટ્રેલર અથડાયું હતું. આ દરમિયાન એક કાર અને બોલેરો જીપ પણ આ વાહનો સાથે ધડાકાભેર અથડાયા હતા. ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

તો બીજી તરફ કચ્છ-સૌરાષ્ટ્ર જોડતા નેશનલ હાઈવે 8એ પર શિકારપુર-સુરજબારી વચ્ચે દુર્ઘટના સર્જાઈ હતી. કંડલાથી મોરબી તરફ જતું પેટ્રો કેમિકલ ભરેલું ટેન્કર અચાનક બેકાબૂ બની રોડ પર પલટી ગયું હતું. આ અકસ્માતને કારણે મોરબી તરફની લાઈનમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ટેન્કર પલટી જવાથી રોડની બાજુમાં મોટા ખાબોચિયામાં પેટ્રો કેમિકલ ભરાઈ ગયું હતું. આસપાસના લોકો વિવિધ સાધનો લઈને આ કેમિકલ એકઠું કરવા લાગી ગયા હતા. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ટ્રાફીકને દૂર કર્યો હતો.

-----------------------------------------------------------------------------------------

## પશ્ચિમ કચ્છ પોલીસ : હેલ્પલાઇન નંબર શરૂ

પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે રહેણાક, વ્યવસાય કે નોકરીના સ્થળની આસપાસ જાહેર સ્થળોએ ભય ફેલાવનારા, ગેરકાયદેસર કૃત્ય કરનારા અસામાજીક ઇસમો વિરૂધ્ધ ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આવા અસામાજીક ઇસમોની જાણકારી પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઇમ બ્રાન્ચને વોટસએપ મોબાઇલ નંબર **6 3 5 9 6 2 9 1** શુન્ય **3** પર તથા ભુજ પોલીસ હેલ્પ લાઇન નંબર **6 3 5 9 6 2 9 1** શુન્ય **4** પર જાણ કરવા અપીલ કરાઇ છે. માહિતી આપનાર જાગૃત નાગરિકની ઓળખ સુરક્ષિત રાખવામાં આવશે અને યોગ્ય ઇનામ પણ આપવામાં આવશે તેવું પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસની યાદીમાં જણાવાયૂં છે.

-----------------------------------------------------------------------------------------

## જામનગર : લશ્કરી ભરતી

ભારતીય લશ્કરમાં ઉજ્જવળ અને કારકિર્દી બનાવવા માંગતા યુવાનો માટે જામનગર આર્મી ભરતી કાર્યાલય દ્વારા આગામી માસમાં આર્મી ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં અગ્નીવીર સોલ્જર જનરલ ડ્યુટી, અગ્નીવીર સોલ્જર તમામ ટ્રેડ , અગ્નીવીર સોલ્જર ટેકનીકલ તેમજ અગ્નીવીર સોલ્જર ક્લાર્ક, સ્ટોર કીપર ટેકનીકલની ભરતી યોજાશે. ઇચ્છુ ઉમેવારોએ 10 એપ્રીલ સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રોજ્ગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન,રૂમ નં-૧૦૨/૧૦૩,ભુજનો રૂબરૂ સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી : રાજભાષા પ્રદર્શન કાર્યક્રમ

ભાષા નિયામકની કચેરી, ગુજરાત અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------